ગાંધીનગર સમાચાર

કડી ખાતે લીડરશીપ ટ્રેનીંગ કાર્યક્રમ યોજાયો

@ગાંધીનગર

● ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા શુક્રવારના રોજ વાવોલ અને ચિલોડામાં વિવિધ કામોનું ભૂમિપુજન અને લોકાર્પણનો કાર્યક્રમ યોજાશે.

● સિવિલ હોસ્પિટલના કોન્ફરન્સ હોલ ખાતે બપોરે ૨ કલાકે શ્રીમતી આનંદીબેન પટેલના હસ્તે ૧૮૧ અભયમ વુમન હેલ્પ લાઈન મોબાઈલ એપ્લીકેશન લોન્ચ કરાશે.

● સે-૨૩ અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજ ખાતે સવારે ૯ કલાકે એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફીસર ડૉ. રણછોડ રથવી તથા યુનિટનો સન્માન સમારોહ યોજાશે.

● સે-૨૩ અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજ દ્વારા સવારે ૧૦.૩૦ કલાકે કોલેજનો વાર્ષિકોત્સવ ખીમજી વિસરામ હોલ ખાતે યોજાશે જેમાં તેજસ્વી તારલાઓનું સન્માન કરાશે.

● કલ્ચરલ ફોરમ ગાંધીનગર દ્વારા રાત્રે ૯.૩૦ કલાકે સે-૧૭, ટાઉનહોલ ખાતે 'બા તને કયાં રાખુ' નાટક રજૂ કરાશે.

મહુન્દ્રા-શિવપુરા કંપામાં મોડી રાત્રે વીજળી પડી

હેવીવોલ્ટનો વિજ થાંભલો જમીન દોસ્ત : મોટી હોનારત ટળી : ખેડૂતોના જીવ તાળવે ચોંટયા

ગાંધીનગર, તા.૩

મોડી રાત્રે વાતાવરણમાં અચાનક પલ્ટો આવ્યો ને દિવસે ઉનાળાની અનુભુતિ કરાવનાર વાતાવરણે રાત્રે ચોમાસુ યાદ કરાવી દીધું હતું. રાત્રે શહેરમાં માવઠુ થયું ત્યારે આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં વીજળીના કડાકા ભડાકા ચાલુ જ હતા ત્યારે ચિલોડા નજીક આવેલા મહુન્દ્રા શિવપુરા કંપા ગામની સીમમાં એક બટાકાના ખેતરમાં હેવી વોલ્ટનો વિજ થાંભલો વીજળી પડવાને કારણે કેબલ સાથે જમીનદોસ્ત થઈ જતા ભયંકર હોનારત થતા ટળી હતી. રાત્રે જયાં ૪ લાખ વોલ્ટનો થાંભલો પડયો ત્યાં દિવસે ૪૦થી વધુ ખેતમજુરો કામ કરતા હોય છે. આ ઘટનાને પગલે ખેડૂતોના જીવ તાળવે ચોંટી ગયા હતાં.

ચિલોડાથી થોડે દુર આવેલા મહુન્દ્રા-શિવપુરા કંપા ગામે મોડી રાત્રે કડાકા-ભડાકા સાથે વીજળી પડી હતી. વીજળી હેવી વોલ્ટના વિજ થાંભલા પર પડતા રાત્રે થાંભલો જમીનદોસ્ત થઈ ગયો હતો. દિનેશભાઈ ઈશ્વરભાઈના ખેતરમાં હેવી લાઈનનો પોલ તથા તાર તુટીને પડતા વીજળીના તણખા ઝરવા લાગ્યા હતા. આસપાસમાં રહેતા ખેડૂતો ઘટનની જાણ થતા ફફડી ઉઠયા હતા. આ ઘટના અંગે ચિલોડા સબ સ્ટેશનમાં જાણ કરવામાં આવતા તાત્કાલીક ધોરણે વીજપુરવઠો બંધ કરી દેવામાં આવ્યો હતો. ખેડૂતોની તથા તંત્રની સમયસુચકતાથી મોટી જાનહાની થતા ટળી હતી. કેમ કે આ ખેતરમાં દિવસે બટાકા નિકાળવા માટે ૪૦થી વધુ માણસો કામ કરતા હોય છે અને ઘટના રાત્રે બનતા સદભાગ્યે કોઈ જાનહાની કે મોટી હોનારત બનવા પામી ન હતી.

(તસવીર : નટુભાઈ પટેલ)

વાતવાતમાં

● ગાંધીનગર સિવિલ હોસ્પિટલનું સીટી સ્કેન મશીન છેલ્લા સાતેક માસથી બંધ પડયું છે. દર્દીઓને સીટી સ્કેન કરાવવા છેક અમદાવાદ સુધી લાંબા થવું પડી રહ્યું છે.

● વાવોલના ચકચારી મર્ડર કેસ સંદર્ભે પોલીસ છેક પશ્ચિમ બંગાળ સુધી આંટો મારી આવી. જો કે આ કેસમાં પશ્ચિમ બંગાળના ઈસમનો કોઈ સંબંધ હોય તેવા પુરાવા પોલીસને હાથ લાગ્યા નથી.

● શહેરમાં અકસ્માતોનો સીલસીલો જારી છે. કુડાસણમાં ટ્રકે પલ્ટી ખાધી છે તો ઘ-૭ સર્કલે રીક્ષાએ જયારે ગ-૨ સર્કલે ઈકો વાને બાઈક સવારને હડફેટે લીધા હતા.

● મોડી રાત્રિએ ભારે ગાજવીજ સાથે વરસેલા માવઠાએ નગરજનોની નિંદ્રા ઉડાડી દીધી હતી. વાવોલમાં તો 'રઘુકુલ રીત સદા ચલી આયી'ની જેમ વરસાદ વરસતા જ વીજળી વેરણ થવા પામી હતી.

કડી ખાતે લીડરશીપ ટ્રેનીંગ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૩

કડી સર્વ વિશ્વ વિદ્યાલય દ્વારા આયોજીત સર્વ નેતૃત્વ-૧૪ (લીડરશીપ ટ્રેઈનીંગ પ્રોગ્રામ) તા. ૨૫થી ૨૯ ફેબ્રુઆરી, ૨૦૧૬ દરમિયાન સર્વ વિદ્યાલય કેમ્પસ, કડી ખાતે યોજાઈ ગયો. જેમાં ગાંધીનગર અને કડી કેમ્પસની જુદી જુદી દસ કોલેજોના કુલ ૬૩ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

'સર્વ નેતૃત્વ' કાર્યક્રમનો મુખ્ય હેતુ યુવા વિદ્યાર્થીઓમાં નેતૃત્વ સંચાલન અને વ્યકિત પ્રતિભાના ગુણો વિકસે સાથે સાથે દેશના જવાબદાર નાગરિક તરીકેની જવાબદારીથી વાકેફ થાય તે હેતુસર ૨૦૦૯થી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. સમગ્ર કાર્યક્રમમાં ટ્રેનર સુરેશ પટેલ અને અન્ય વિષય નિષ્ણાત દ્વારા રચનાત્મક રીતે યુવા વિદ્યાર્થીઓને અલગ અલગ પ્રવૃત્તિ જેવી કે યોગાસન, વ્યાખ્યાન, ફિલ્મ, પ્રેઝન્ટેશન, જુથ સંવાદ, ટેલેન્ટ ઈવનીંગ અને વિવિધ રમતો થકી ટાઈમ મેનેજમેન્ટ, લીડરશીપ, ઈવેન્ટ મેનેજમેન્ટ અને ટીમ વર્કિંગની ક્ષમતાને બહાર લાવવા પ્રયત્ન કરાયો હતો. વિદ્યાર્થીઓ સમાજ પ્રત્યેની પોતાની જવાબદારી સમજે તે આશયથી પાંચ દિવસીય નિવાસી શિબિરના છેલ્લા દિવસે બધા વિદ્યાર્થીઓને ગાંધી આશ્રમ, સેવા આશ્રમ અને માનવ સાધના કેન્દ્ર-અમદાવાદ ખાતે સામાજિક મુલાકાત કરાવી હતી જેથી વિદ્યાર્થીઓ સમાજ પ્રત્યેની પોતાની ફરજથી વાકેફ થાય.

સમગ્ર શિબિરનું સંચાલન અને આયોજન સર્વ નેતૃત્વ કાર્યક્રમના કોઓર્ડીનેટર ડૉ. ધર્મેન્દ્ર પટેલ અને સહાયક તરીકે કડી ખાતેની બીએડ કોલેજના પ્રા. પારૂલબેન અને પ્રા. વૈદેહીબેન દ્વારા કરવામાં આવ્યુ હતું.

લેકાવાડાના યુવાનનો શરીરે દિવાસળી ચાંપીને આપઘાત

માર્ગ અકસ્માતમાં એક પગ ગુમાવ્યા બાદ કંટાળી જઈ આપઘાત કર્યો હોવાની આશંકા

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર નજીક લેકાવાડા ગામમાં રહેતા ૩૩ વર્ષીય યુવાને ગઈ સાંજે પોતાના ઘરે જ કોઈ અગમ્ય કારણોસર શરીરે કેરોસીન છાંટીને દિવાસળી ચાંપી દઈ આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. યુવાને વર્ષો અગાઉ માર્ગ અકસ્માતમાં એક પગ ગુમાવ્યો હતો. અને હવે કંટાળી ગયો હોવાથી આપઘાત કર્યો હોવાની આશંકા પોલીસે પ્રાથમિક તપાસમાં વ્યકત કરી છે. ચિલોડા પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી ગુનાની ઝીણવટભરી તપાસ શરુ કરીછે.

મળતી માહિતી મુજબ ગાંધીનગર નજીકનાં લેકાવાડા ગામમાં રહેતા ૩૩ વર્ષીય યુવાન પ્રવિણસિંહ બાપુસિંહ વાઘેલાને વર્ષોઅગાઉ નડેલા માર્ગઅકસ્માતમાં એક પગ કપાઈ ગયો હતો. ત્યારથી એક પગ પ્લાસ્ટીકનો હતો તે ઉપરાંત વ્યસન પણ શરુ કરી દીધું હતું. એક પગ ગુમાવ્યા બાદ આવવા લાગેલા અનેક પડકારો એક પછી એક ઝીલ્યા પરંતુ અંતે હવે કંટાળી જતા આખરે ઘરે ગઈ કાલે સાંજે ઘરના સભ્યો આડા અવળા થયા ત્યારે પોતાના શરીરે કેરોસીન છાંટી દિવાસળી ચાંપી દઈને અગ્નિસ્નાન કરી લીધું હતું. ગંભીર હાલતમાં તેને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે લઈ જવાયો હતો પરંતુ સારવાર દરમિયાન તેનું કરૂણ મૃત્યુ નિપજયું હતું. ચિલોડા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધીને જમાદાર રાકેશકુમારે ગુનાની ઉંડી તપાસ આરંભી છે.

સે-૨૯ જલારામ ધામ ખાતે પૂજન-આરતીનો કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૩

જલારામ સેવા સમાજ ગાંધીનગર દ્વારા આગામી તા. ૭મી માર્ચને સોમવારના રોજ સે-૨૯ જલારામ ધામ ખાતે આરતીનું આયોજન કરવામાં આવ્યું છે.

મહાશિવરાત્રીના પુનિત અવસરે ભગવાન રામેશ્વર મહાદેવની નિશ્રામાં સવારે ૭.૦૦ કલાકે મૂર્તિ દાતા જે.ટી. અખાણીના હસ્તે શિવ પૂજનનો પ્રારંભ કરાશે. સવારના ૭.૦૦ થી સાંજના ૫.૦૦ કલાક દરમિયાન શિવમંદિરે બીલીપત્રનો અભિષેક થશે. આ દરમિયાન પેથાપુરના ટેકચંદભાઈ ઠકકરના નિવાસસ્થાન ૧૯-બંસરી બંગલો ખાતેથી શોભાયાત્રા નીકળી જલારામ મંદિર પહોંચશે. જલારામ સેવા સમાજના તમામ સભ્યોને તથા નગરના ભાવિક ભકતોને લાભ લેવા સમાજના પ્રમુખ જીતેન્દ્રકુમાર સેજાણી, મંત્રી સેવંતીલાલ ઠકકરે જણાવ્યું છે.

સમસ્ત બ્રહ્મસમાજનું વડોદરામાં ૪૬મું જીવનસાથી પસંદગી સંમેલન યોજાશે

ગાંધીનગર, તા.૩

શ્રી ચાણકય સેવા ટ્રસ્ટ તથા વડોદરા જિલ્લા સમસ્ત બ્રહ્મસમાજના ઉપકમે તા. ૨૩મી એપ્રિલે વડોદરા ખાતે ૪૬મું જીવનસાથી પસંદગી સંમેલન યોજાશે. જે અંગેના ઉમેદવારીપત્ર ગાંધીનગરમાંથી શ્રી કે.બી. વ્યાસ સેકટર-૧૨-સી, પ્લોટ નં. ૩૫૨/એ/૨ ગાંધીનગરથી મળશે. સંપર્ક માટે મો. ૯૮૨૫૦ ૩૩૦૭૪ પર સંપર્ક કરવા જણાવાયું છે.

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં 'ગ્રેન્ડ પેરેન્ટસ ડે'ની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં ગત તા. ૨ માર્ચના રોજ પ્રિ-પ્રાયમરી સેકશનમાં 'ગ્રેન્ડ પેરેન્ટસ ડે'ની ઉજવણી ઉત્સાહભેર કરવામાં આવી હતી. શાળામાં મહેમાન તરીકે સે-૨ની પ્રાથમિક શાળાના પ્રિન્સીપાલ તથા તેમના બાળકોને આમંત્રિત કર્યા હતા તથા શાળામાં વાલીગણ અને દાદા દાદીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. પ્રિ-પ્રાયમરીના બાળકોએ ડાન્સ દ્વારા દાદા દાદીનું જીવનમાં કેટલું મહત્વ રહેલું છે તે વિશે આજની પેઢીને સજાગ કરાવી હતી. દાદા-દાદીનું મહત્વ બતાવતા ગીતો પણ રજુ કરવામાં આવ્યા હતા. પ્રિ પ્રાયમરીના બાળકોને એકેડમીક પરફોમન્સ માટે સર્ટીફીકેટ એનાયત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત દાદા દાદીને ફ્રૂટ સ્પોર્ટસ દ્વારા રમતો પણ રમાડવામાં આવી હતી. જેમાં દાદા દાદીઓ જાણે પોતે એક નાના બાળક બની ગયા હોય તે રીતે તેમણે રમતોમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો અને આ રમતોમાં વિજેતા દાદા દાદીને સંસ્થા દ્વારા ભેટ અર્પણ કરવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન શાળાના મેનેજીંગ ટ્રસ્ટીએ હાજરી આપી હતી.

લીટલ એન્જલ્સ સ્કૂલનો વાર્ષિકોત્સવ-૨૦૧૬ યોજાશે

ગાંધીનગર, તા.૩

લીટલ એન્જલ્સ સ્કૂલ દ્વારા આગામી તા. ૫મી માર્ચ ને શનિવારના રોજ સવારે ૯.૪૫ કલાકે સેકટર-૧૭ ટાઉનહોલ ખાતે વાર્ષિકોત્સવ ૨૦૧૬નું આયોજન કરવામાં આવ્યું છે. આ વાર્ષિકોત્સવમાં વિદ્યાર્થીઓ સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરશે. વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા વાલીઓ, દાદા-દાદી અને શિક્ષકો હાજરી આપશે. ગીત સંગીતની ધૂન સાથે અલગ અલગ કૃતિઓ રજૂ કરી બાળકો પોતાની આંતરિક શકિતઓની ઝાંખી પ્રસ્તુત કરશે. બાળકોને પ્રોત્સાહિત કરવા સ્કુલ પરિવાર દ્વારા વાલીઓને હાજર રહેવા જણાવાયું છે.

સિવિલમાં લેબોરેટરીના નર્સિંગ સ્ટાફની દાદાગીરી

સગર્ભાનું બ્લડ સેમ્પલ લેવાનું હોવાથી માતા સાથે જતા સ્ટાફે ખખડાવીને કાઢી મુક્યા, એક કલાક લાઈનમાં બેસો પછી સેમ્પલ લઈશું, આ સાંભળી કલાક બેસી રહીને દુખાવો શરૂ થતા સગર્ભા ધ્રુસકે ધ્રુસકે રડી પડી...

ગાંધીનગર, તા.૩

રાજયના પ્રથમ મહિલા મુખ્યમંત્રી તરીકે આનંદીબેન પટેલ બિરાજમાન છે. રાજય સરકાર દ્વારા મહિલા સશકિતકરણની સુફીયાણી વાતો કરવામાં આવી રહી છે. સરકારના આરોગ્ય વિભાગ દ્વારા ખાસ કરીને સગર્ભા મહિલાઓ માટે કાળજી રાખીને વિશેષ યોજના અમલમાં મુકવામાં આવે છે. ત્યારે સચિવાલય થી માત્ર ૫ મિનિટના અંતરે આવેલી પાટનગરની સિવિલ હોસ્પિટલમાં જ લેબોરેટરીના નર્સિંગ સ્ટાફના મહિલા કર્મચારીએ સગર્ભા મહિલાને ખખડાવીને બહાર કાઢી મુકી હતી. આ સગર્ભાને બ્લડ ટેસ્ટ માટે એક કલાક બેસાડી રાખતા દુખાવો થતા મહિલા ધ્રુસકે ધ્રુસકે રડી પડી હતી.

ગાંધીનગર મેડીકલ કોલેજ સંચાલિત હોસ્પિટલમાં દર્દીઓને મળતી આધુનિક સુવિધાને પગલે દર્દીઓ દુર દુર થી દર્દીઓ આવે છે. ઓપીડી વિભાગ સહિત ઈન્ડોર દર્દીઓથી પણ હોસ્પિટલ ઉભરાય છે. વિવિધ રોગના હજજારો દર્દીઓની ડોકટરો દ્વારા સારવાર કરવામાં આવે છે. આ બનાવમાં ગાંધીનગર હોસ્પિટલમાં સારવાર માટે અંતરીયાળ ગામમાંથી આવેલી સગર્ભા મહિલાએ ડોકટર પાસે ચેકઅપ કરાવતા ડોકટરે બ્લડ ટેસ્ટ કરાવા માટે જણાવ્યું હતું. લેબોરેટીમાં ટેસ્ટ માટે સગર્ભા સાથે તેની માતા પણ આવી હતી. મહિલાઓના સ્વભાવગત્ નાનકડી સોયથી પણ ડર લાગતો હોય છે. જેને પગલે સગર્ભાની સાથે બ્લડ ટેસ્ટ વખતે તેની માતા પણ હાજર હતી, બસ આ જ મોટો ગુનો કર્યો હોય તેમ લેબના નર્સિંગ સ્ટાફમાં ફરજ બજાવતા મહિલા કર્મચારીએ સગર્ભાને ખખડાવીને માત્ર એક જ વ્યકિત હાજર રહો નહિ તો ડર લાગતો હોય તો બહાર જતા રહો તેમ કહીને બહાર બેસાડી દીધા હતા. એક કલાક જેટલો સમય બેસી રહેવાથી મહિલાને દુખાવો થતા મહિલા ધ્રુસકે ધ્રુસકે રડી પડી હતી. શહેરની હોસ્પિટલમાં લેબોરેટરી વિભાગમાં નર્સિંગ સ્ટાફની દાદાગીરી દિન પ્રતિદીન વધતી જોવા મળે છે. દિવસ દરમ્યાન લેબ આગળ દર્દીઓ ઉહાપોહ મચાવે છે. પરંતુ નર્સિંગ સ્ટાફની દાદાગીરીની કમ્પ્લેઈન ગરીબ દર્દીઓ સતાધિશોને ના કરતા હોવાથી આ સમસ્યાઓનો સામનો દર્દીઓને કરવો પડે છે.

૬ઠ્ઠી માર્ચે પુસ્તક પરબ યોજાશે

ગાંધીનગર, તા.૩

માતૃભાષા અભિયાન અને આત્મન ફાઉન્ડેશનના સહયોગથી ગાંધીનગર ખાતે છેલ્લા બે વર્ષથી નિયમિત રીતે દર મહિનાના પ્રથમ રવિવારે પુસ્તક પરબનું આોજન કરવામાં આવે છે. જયારે આ પુસ્તક પરબ આગામી તા. ૬ઠ્ઠી માર્ચને રવિવારના રોજ સવારના ૭.૩૦ થી ૯.૩૦ કલાક દરમિયાન ઘ-૪ના સર્કલ ખાતે ઉદ્યોગ ભવન નજીક યોજાશે.

આ પુસ્તક પરબનો હેતુ માતૃભાષાના ગૌરવની પ્રવૃત્તિ કરવાનો અને સારા પુસ્તકોના વાંચનનો પ્રસાર કરવાનો છે. સાથે સાથે પુસ્તકના આદાન પ્રદાનની પ્રવૃત્તિ વિકસે તથા લોકોમાં વાંચનની ટેવ કેળવાય તેવા શુભ આશ્રયથી યોજવામાં આવે છે. આ પુસ્તક પરબનો લાભ લેવા માટે કિશોર જીકાદરા, આશા સરવૈયા, પ્રજ્ઞા પટેલ, મુળજીભાઈ પરમાર, અશોકભાઈ ત્રિવેદી, સંજય થોરાત, રણછોડભાઈ પરમાર, ધુર્જરી પ્રજાપતિ, પ્રશાંત અડાલજા, રમેશચંદ્ર શ્રીમાળી અને દિશાંત ગર્ગ સહિતના સહયોગીઓએ પુસ્તક ભાવકોને અનુરોધ કર્યો છે.

સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા નારી સન્માન સમારોહનું આયોજન

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા આગામી તા. ૨૩મી મે ને રવિવારના રોજ બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન નારી સન્માનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ નારી સન્માન સમારોહમાં બ્રહ્મસમાજની પરિણિત વર્કિંગ વુમન કે જે ઘર સંભાળતા કુટુંબને મદદરૂપ થવાનો પ્રયાસ કરે છે તેવી બ્રહ્મ સમાજની બહેનોનું સન્માન કરવામાં આવશે. આ નારી સન્માન સમારોહમાં ભાગ લેવા ઈચ્છુક સમાજની બહેનોએ તા. ૮મી માર્ચ સુધીમાં પોતાનું રજીસ્ટ્રેશન ફોન નં. ૯૪૨૬૩૫૬૦૧૭, ૯૪૨૮૭૩૬૯૬૫ ઉપર સંપર્ક સાધી કરવાનો રહેશે. આ સમારોહમાં મહિલા પાંખની તમામ બહેનોને હાજર રહેવા મહામંત્રી જ્ઞાનદેવી ઉપાધ્યાયે જણાવ્યું છે.

ગાંધીનગર જિલ્લાની અડાલજ ગામે સ્થિત સાંઈ વિદ્યા મંદિર ખાતે ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓ માટે શુભેચ્છા સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શુભેચ્છા સમારોહમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ શાળા અંગેના સંસ્મરણો વાગોળ્યા હતા. વિદાય ગીતો ગાઈને પોતાનું દુઃખ વ્યકત કર્યું હતું. અંતે ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓનું મોં મીઠું કરાવી શુભેચ્છાઓ પાઠવી હતી. આ શુભેચ્છા સમારોહમાં નિવૃત્ત બોર્ડના ચેરમેન હિંગુ સાહેબ, જુનિયર સાયન્સ સ્કુલના ટ્રસ્ટી શૈલેષભાઈ પંડયા, આચાર્ય મયુરભાઈ પુરાણી, નીતાબેન પારેખ, નારાયણભાઈ ગોસ્વામી સહિત શાળા પરિવાર હાજર રહ્યો હતો.

શહેરના મહેમાન બનેલા અનોખા સંગીતપ્રેમી વડીલ

૭૪ વર્ષીય સંગીતપ્રેમી પાસે જુના હીન્દી ફિલ્મ સંગીતનું દુર્લભ કલેકશન છે

ગાંધીનગર, તા.૩

દરેકના જીવનમાં સંગીતનું એક આગવું સ્થાન હોય છે પરંતુ કેટલાક સંગીત રસિયા એવા પણ હોય છે જેમના શ્વાસોશ્વાસમાં માત્રને માત્ર સંગીત જ ગુંજતું હોય છે. સંગીતના નશા આગળ તેમને દુનિયાની તમામ સુખ સાહ્યબી ફીકી લાગે છે. આવા જ એક વયોવૃધ્ધ સંગીત રસિક જેમણે પોતાના સંગીતના શોખ ખાતર લગ્ન સુધ્ધા નથી કર્યા તે હાલ ગાંધીનગરના મહેમાન બન્યા છે. ૭૪ વર્ષની જૈફ વયે પહોચેલા આ સંગીત રસિક પાસે જુની હીન્દી ફિલ્મોના કલાસીક સદાબહાર ગીતોનો ખજાનો સંઘરાયેલો છે. ગાંધીનગર સમાચાર સાથેની ખાસ વાતચીતમાં આ સંગીત પ્રેમીએ પોતાના અનન્ય શોખ વિશે કેટલીક રસપ્રદ વાતો કરી હતી.

ગાંધીનગર શહેરના સેકટર - ૩ એ ન્યુ વસાહતીઓ દ્વારા આયોજીત શ્રીમદ ભાગવત કથામાં સંગીત પુરુ પાડવા માટે આ સંગીત પ્રેમી નગરના મહેમાન બન્યા છે. ગાંધીનગર શહેરમાં પોતાના ભાઈની સરકારી નોકરીને કારણે સેકટર - ૨૦ ખાતે ૧૫ વર્ષથી વધુ સમય સુધી રહી ચુકેલા અને અત્યારે હાલ અમદાવાદ પોતાના ભાણેજ અમરીષ ભટ્ટ સાથે રહેતા સંગીત રસિક નરેશભાઈ.પી.ભટ્ટની આ સફરની વાત છે. ખેડા જિલ્લાના નાપાડ ગામના વતની છે ચાર બહેનો અને ત્રણ ભાઈઓમાં સૌથી નાના તેઓ છે. સંગીત એ તેમને જન્મજાત એટલે કે ગળથુંથીમાં મળ્યુ છે. તેમના માતા પિતા બંન્ને સંગીતના શોખીન હોવાથી સંગીતની વધુ નજીક તેઓ પહોંચી શકયા છે. પહેલાથી જ તેઓ તેજસ્વી છે તે સમયમાં બી.એ વીથ અંગ્રેજીમાં ૭૨ માર્કસ મેળ્વ્યા હોવા છતા ગુલામી પસંદ ના હોવાથી સરકારી નોકરી ના મેળવતા તેઓ પોતાના શોખને વળગી રહ્યા છે. હાર્મોનિયમ અને કેશીયો તેઓ અદ્‌ભુત વગાળે છે કોઈ પણ તાલિમ વગર તેમનું સંગીત સાંભળવુ સૌને ગમે છે. નરેશભાઈ પાસે જુના સમયના ગાયક મુકેશ, મોહંમદ રફી, લતા મંગેશકર, આશા ભોંસલે, કિશોર કુમાર, મન્નાડે સહિતના ગાયક કલાકોરાનું અદભુત કલેકશન છે. તેમની એક સીડીમાં ૭૦૦ થી ૧૦૦૦ ગીત સમાયેલા છે. એક સીડીની કિંમત રુ. ૪૦૦ છે જયારે ફીલ્મ અને તેની માહિતી અંગેની બુકની કિ.રુ.૭૦૦ છે. તેમના મનપસંદ ગાયક મુકેશ છે જયારે સંગીતકાર શંકર જયકિશન છે. એ ગોલ્ડન એજ ઓફ ફિલ્મ લાઈન ની બુક પણ તેમણે લખી છે. ફિલ્મની સાથે સાથે ફરવાનો પણ ગજબનો શોખ છે. તેઓ ૬૨૩ વખત મથુરા, ૭૦ વાર હરિદ્વાર, ૨૦ વખત વૈષ્ણોદેવી જઈને માતાજીના દર્શન કર્યા છે. સંગીત સાથે નાતો અતુટ હોવાથી સંગીત પ્રેમી સંગીતની ધુન સાથે જુના ગીતોની કડી ગુનગનાઈને વાત પુરી કરે છે.

ચિરવિદાય

- સ્વ. કુંદનબેન શીવકુમાર દવે, ઉ.વ.૮૮
- સ્વ. બાબુભાઈ રામજીભાઈ પરમાર, ઉ.વ.૬૫
- સ્વ. મંગળાબેન રેવાશંકર ભટ્ટ, ઉ.વ. ૮૯
- સ્વ. વાઘેલા પ્રવિણસિંહ બાપુસિંહ, ઉ.વ.૩૩
- સ્વ. યશવંતરાય બાળાશંકર ભટ્ટ, ઉ.વ.૭૮
- સ્વ. કપીલાબેન જયંતિલાલ ભટ્ટ, ઉ.વ.૭૨
- સ્વ. ગનાભાઈ જેઠાભાઈ પરમાર, ઉ.વ.૭૫
- સ્વ. નંદુબા અર્જુનસિંહ વાઘેલા, ઉ.વ.૭૧